ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ધારાસભ્યો 'ઓનલાઈન' થાય તો મત વિસ્તારનો વિકાસ ઝડપી બને

## ૨૦૧૭ સુધીમાં ગુજરાતને વાઈ-ફાઈ બનાવવાનો પ્લાન અમલી બન્યો

### ગુજરાતમાં ૭ કરોડની વસતીમાં ૪.૭૦ કરોડ લોકો પાસે મોબાઈલ છે

### સ્વર્ણિમ સંકુલમાં આવેલી ખાલી ચેમ્બરો પ્રધાનોના આવવાની રાહ જોઈ રહી છે

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાત સરકાર ઘણી બાબતોમાં ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડ કરે છે તેમ હવે ધારાસભ્યોને ઓનલાઈન બનાવે તો મત વિસ્તારનો વિકાસ અત્યંત ઝડપી બની શકે છે. સરકાર ધારાસભ્યોને ભલે મોબાઈલ ફોન ના આપે પણ ઈન્ટરનેટ જોડાણ સાથેના સીમકાર્ડ આપે તો ધારાસભ્યો ઓનલાઈન આદેશ કરી શકે, ઓનલાઈન વિસ્તારનું ડેવલપમેન્ટ જોઈ શકે અને ઓનલાઈન ક્ષતિઓનું નિવારણ કરી શકે છે.

આજે તો પ્રત્યેક ધારાસભ્ય પાસે ગાડી અને સ્માર્ટફોન છે. ટ્વિટર અને ફેસબુકનો અંગત ઉપયોગ કરે છે તેમ આ બન્ને પોપ્યુલર સાઈટ્સનો સરકારી ઉપયોગ કરે તે માટે ગુજરાત સરકારે



વિચારવું જોઈએ. વિધાનસભાએ ધારાસભ્યોને ઈ-મેઈલ આઈડી આપ્યા છે પણ તેનો ૧૦ ટકા ધારાસભ્યો પણ ઉપયોગ કરતા નથી. સરકારે તેના ઓફિસરો અને કર્મચારીઓની જેમ પ્રજાના તમામ પ્રતિનિધિઓને કોઈ આદેશ કરવા હોય તો ઓનલાઈન કરવા જોઈએ કે જેથી તેઓ ફરજીયાત સોશ્યલ સાઈટ્સનો ઉપયોગ કરી શકે...

**નાના ઉદ્યોગોને મોટા પ્રોત્સાહન મળશે ...**

ગુજરાતની સાતમી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ માઈક્રો, સ્મોલ અને મિડિયમ ઉદ્યોગો માટે આશીર્વાદ સમાન બની રહે તે હેતુથી ગુજરાત સરકાર તેની નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસી બહાર પાડી રહી છે. આ પોલિસીનો મકસદ નાના ઓછા મૂડીરોકાણના પ્રોજેક્ટોને વધારે ઈન્સેન્ટીવ આપશે. નવેમ્બરના અંતમાં કે ડિસેમ્બરના પહેલા સપ્તાહમાં ઈન્ડસ્ટ્રીયલ પોલિસીની જાહેરાત થવામાં છે, જો કે એ પહેલાં ઉદ્યોગ વિભાગ મલ્ટીપર્પઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક તેમજ લોજીસ્ટીક પાર્ક માટેના આદેશ જાહેર કરનાર છે જેમાં ૧૦ હેક્ટર જમીનની રિક્વાયરમેન્ટ રાખવામાં આવી છે. નવી ઉદ્યોગ નિતીમાં સરકારનો મુખ્ય હેતુ બલ્કમાં રોજગારી પેદા કરવાનો છે...

**પેન્ડીગ ઇસ્યુનો સપ્તાહમાં નિકાલ થશે ...**

નવા પ્રધાનો ક્યારે આવશે તેવો પ્રશ્ન સ્વર્ણિમ સંકુલના સ્ટાફમિત્રોને સતાવી રહ્યો છે. રાજયના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે દિવાળી ભોજન સમયે મિડીયા પર્સનને એવો નિર્દેશ કર્યો હતો કે કેબિનેટનું વિસ્તરણ ખૂબ ઝડપથી કરવામાં આવશે. જો કે હજી વિસ્તરણ માટે તારીખ નિશ્ચિત નથી. ચીફ મિનિસ્ટરે બોર્ડ નિગમોમાં ૬૫ જેટલી નિમણૂકો કરી દીધી છે. પાંચ નવા સંસદીય સચિવોની નિયુક્તિ કરી છે પણ

● અનુસંધાન પાન-૭ પર




અર્ક - ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત અર્ક વ્યાખ્યાન માળાના બીજા વ્યાખ્યાનમાં જાણીતા વિચારક અને હાસ્યકલાકાર શાહબુદ્દીન રાઠોડે હસતા-હસતા જીવી જવાની ચાવી આપી હતી... હસો, હસાવો અને હસી કાઢો વિષય પર હળવી છતાં ગંભીર વાતોથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સેક્ટર-૨ ૩ના કડી કેમ્પસ ખાતેના ખીમજી વસરામ હોલમાં યોજાયેલ વ્યાખ્યાનમાં મોટી સંખ્યામાં નગરજનો ઉમટ્યા હતા. (તસવીર : દિપક જાની)

# રેલવે સ્ટેશન જવાનો રસ્તો ખોવાયો દીશાસૂચક બોર્ડનો પણ અભાવ

**સ્ટેશન શોધવામાં ટ્રેઈન ચુકાઈ ગઈ હોવાના પણ કીસ્સાઓ : માર્ગ-મકાન વિભાગને માર્ગદર્શન બોર્ડ મુકવા રજૂઆત**

ગાંધીનગર, તા. ૧૬

કેપિટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ છતાં સ્ટેશન પર યાત્રિકોલક્ષી સુવિધા ઉપલબ્ધ થઈ શકી નથી. જ્યારે નગરના ખૂણે સ્થિત કેપીટલ સ્ટેશન તરફ જવાનો રસ્તો પણ જાણે અદશ્ય થઈ ગયો છે. આવા સંજોગોમાં સ્ટેશન વિસ્તારમાં જવા માટે દિશા સુચક બોર્ડ પણ ન મુકાતા યાત્રિકોએ રાહ ભટકવાનો વારો આવે છે. આવી દયનીય સ્થિતિના લીધે દિશા વિહોણા બનતા મુસાફરો ટ્રેન ચુકી જતા હોવાના પણ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.



શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે જણાવ્યા અનુસાર કેપીટલ સ્ટેશનના વિકાસ તેમજ ગાંધીનગર નવી ટ્રેનો ફાળવવાના મામલે સતત અન્યાય થતો આવ્યો છે. રેલવે બજેટ દરમ્યાન પણ કેપીટલ સ્ટેશનને ઠંગો દેખાડી દેવાય છે. જેના પરીણામે સ્ટેશનને નવી ટ્રેનો મળી નથી. બીજી તરફ સ્ટેશન વિસ્તારમાં પણ યાત્રિકોલક્ષી સુવિધા ઉપલબ્ધ થઈ શકી નથી. જેના પરિણામે રેલવેના મુસાફરોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવે છે. સ્ટેશન વિસ્તારમાં સલામતી અને રીક્ષા સ્ટેન્ડનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે ત્યારે રેલવેના મુસાફરો માટે નવી સમસ્યાએ જન્મ લીધો છે. મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ સ્ટેશન તરફ જવાનો રસ્તો ભુલભલૈયા સમાન બન્યો છે. અટપટા રસ્તાના લીધે મુલાકાતીઓએ ગોથે ચઢવુ પડે છે. બીજી તરફ સ્ટેશન તરફ જવા માટે રૂટમાં કોઈ માર્ગદર્શક બોર્ડ પણ લગાડવામાં આવતુ નથી. આ મામલે અગાઉ પણ માર્ગ-મકાન વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. આ દયનીય સ્થિતિ વચ્ચે સ્ટેશનના રસ્તે રાહ ભટકતા મુસાફરો ઘણીવાર ટ્રેન પણ ચુકી જતા હોવાના કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા છે. શહેર વસાહત મહામંડળના સુધીર દેસાઈ, ઈશ્વર જીકાદરા, બી.એ. શુકલ સહીતના આગેવાનોએ પણ આ વિસ્તારમાં જરૂરી ઠેકાણે માર્ગદર્શન બોર્ડ મુકવા તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

# અપેક્ષા અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર એટલે સમસ્યા : શાહબુદ્દીન રાઠોડ

**કલ્ચરલ ફોરમ આયોજિત અર્ક વ્યાખ્યાનમાળામાં શાહબુદ્દીને શ્રોતાઓને હાસ્યરસ સાથે પ્રેમથી જીવન જીવવાની સમજણ આપી : માણસને પરેશાન કરતા વિચારો હાસ્યથી દૂર થાય છે : વૃધ્ધાવસ્થાને આંબવા ન દેવી હોય તો વર્તમાનમાં જીવવું : શાહબુદ્દીન**

ગાંધીનગર, તા. ૧૬

ખડખડાટ હસવાથી વિચાર બંધ થઈ જાય... હસવુ અને વિચારવું ક્યારેય સાથે ન થાય અને વિચાર



(તસવીર : દિપક જાની)

સભાગૃહની બહાર એલ.ઈ.ડી. સ્ક્રીન પર કેમ્પસના વિદ્યાર્થીઓએ શાહબુદ્દીન રાઠોડના વ્યાખ્યાનને માણ્યું હતું.

વિના અમનની સ્થિતિમાં અહ્‌મ હોતો નથી. આ અહ્‌મરહીત દશાનો જ આનંદ હોય છે. કરૂણતાની ચરમસીમાએ હાસ્ય શરૂ થાય છે. આજે માણસ તણાવયુક્ત રહે છે અને વિચારોમાં પરેશાન જોવા મળે છે. હાસ્ય તણાવમાંથી મુક્ત કરાવે છે. કેપીટલ રહેતા 'આઈ'ને આડો કરી દેવાય તો ઈશ્વર તરફ જણાતો બ્રિજ બની જાય છે. જીવનને વિજ્ઞાને ગતિ અર્પી છે. જ્યારે સાચી દિશા આત્મબળથી મળે છે. જ્યારે આધ્યાત્મનો પાયો સત્ય છે તેમ આજે અર્ક વ્યાખ્યાનમાળા દરમિયાન જાણીતા હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડે જણાવ્યું હતું.

કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત 'અર્ક'

● અનુસંધાન પાન-૭ પર



જોખમી સવારી - રાજ્યભરમાં ટ્રાફીક પોલીસ દ્વારા ટ્રાફીક જાગૃતિ અભિયાન આરંભાયું છે. રાજ્યના ખૂણે ખૂણે ચેકીંગ થાય છે... લાયસન્સ, હેલ્મેટ, સીટ બેલ્ટ જેવા અવેરનેસ માટે વાહન ચાલકોને જાગૃત કરાવાય છે અને દંડ પણ કરાય છે... આ બધાની વચ્ચે બધા જ નિતીનિયમોને એક તરફ મૂકી ચાર સવારી પર નિકળેલ પરિવારની તસવીર પોલીસ માટે પણ ચિંતાનો વિષય બને છે... નિયમો સારા હોય છે, વાહન ચાલકોના ભલા માટે છે... ટ્રાફીક નિયમોના અસરકારક અમલ માટે પ્રયાસ પણ થાય છે... પરંતુ જેને નિયમ પાળવા જ નથી તેના માટે તો પોલીસ તો શું ભગવાન પણ લાચાર છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ઓનલાઈન શોપીંગ સામે લાલબત્તી

**ગાંધીનગરમાં વધતા ઓનલાઈન શોપીંગના વલણ સામે વધતી ફરિયાદો : રીટેલ દુકાનદારો સામે નવો પડકાર ઉભો થયો : ઓનલાઈન ખરીદી પછી સર્વિસ અથવા પરત કરેલ વસ્તુના રીફંડ મેળવવામાં ગ્રાહકોને નાકે દમ આવી જાય છે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં છેલ્લા એકાદ વર્ષથી ઓનલાઈન શોપીંગ કરવાવાળાઓની સંખ્યામાં ભારે ઉછાળો આવ્યો છે. આ ઈ-કોમર્સ પદ્ધતિએ ખરીદી કરવાના વધતા જતા ચલણને કારણે નગરના રીટેઈલ વેપારીઓને નવી હરિફાઈની અસર નડી રહી છે તો આ પ્રકારની ખરીદી કરતા ગ્રાહકોને પણ અનેક તકલીફો વેઠવાનો વારો આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આમ છતાં ઓનલાઈન ખરીદીનું ચલણ નગરમાં ખૂબ મોટા પ્રમાણમાં વિકસી રહ્યું છે તે બાબતને શંકાને સ્થાન નથી. ઓનલાઈન ખરીદી માટે અનેક કંપનીઓ બજારમાં કાર્યરત છે.

ઓનલાઈન ખરીદી અનેક પ્રકારે થાય છે જેમાં મોબાઈલ કે કોમ્પ્યુટર દ્વારા ઈન્ટરનેટ પરથી અથવા ટીવી પર આવતા શોપીંગ અંગેના કાર્યક્રમો જોઈને ત્યાર બાદ કોલ અથવા એસએમએસ દ્વારા ખરીદી કરવામાં આવે છે. છેલ્લા એકાદ વર્ષમાં ઓનલાઈન ખરીદી કરનાર ગ્રાહકોની સંખ્યામાં આશરે ૫૦૦ ટકાથી પણ વધારે ઉછાળો નોંધાતા વર્ષોથી અવગણાયેલા આ બજાર બાબતે સ્થાનિક વેપારીઓ પણ ચિંતામાં પડ્યા છે. આ ઓનલાઈન ખરીદીના કારણે સૌથી વધુ માર ઈલેક્ટ્રોનીક્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, જ્વેલરી અને તૈયાર કપડાં કે જૂતાં વેચવાવાળા રીટેલ દુકાનદારોને પડી રહ્યો છે. જો કે નગરના વેપારીઓએ આ નવી હરિફાઈ સામે ટકવા કમર કસી લીધી છે અને અવનવી ડીસ્કાઉન્ટ સ્કીમો તેમજ ઓનલાઈન પર પ્રચલિત હોય તેના કરતા અલગ પ્રકારની બ્રાન્ડ કે કંપનીના માલ વેચવાનું ચાલુ કરી દીધું છે. આ સાથે વેપારી એસોસિએશનોએ ઉત્પાદકોને આ પ્રકારની ઈકોમર્સ વેપાર કરતી કંપનીઓને ઉંચા ડીસ્કાઉન્ટથી માલ વેચવા બાબતે વિરોધ નોંધાવ્યો છે.

ગાંધીનગરમાં ઓનલાઈન ખરીદી કરનારા ગ્રાહકોમાં મિશ્ર પ્રતિભાવો જોવા મળ્યા હતા.





ટીસીએલ કંપનીમાં નોકરી કરતા અલ્પેશભાઈ પટેલ નિયમિત પણે ઓનલાઈન ખરીદી કરે છે. તેમના મતે ઓનલાઈન ખરીદી કરવામાં પસંદગીમાં ઘણી બધી પ્રોડક્ટ્સની વેરાયટી મળી રહે છે. તેમજ ઉંચા ડીસ્કાઉન્ટનો લાભ પણ મળે છે. આ ઉપરાંત ખરીદી કરવા જવાના સમય અને શક્તિનો બચાવ પણ થાય છે. જો કે ગાંધીનગરના એક રઘુવીર પ્રજાપતિ નામના ગ્રાહકનો ઓનલાઈન ખરીદીમાં બે બે વખત ખૂબ જ ખરાબ અનુભવ થવા પામ્યો છે. તેમને એકવાર જાણીતી કંપની દ્વારા તેમનો માલ પરત કરવા છતાં એક વર્ષથી ઉપરના સમયથી રીફંડ આપવામાં આવ્યું નથી અને અન્ય એક કંપની દ્વારા તેમણે પસંદ કરેલી કોમ્બો ઓફરમાં કંપનીએ એક પ્રોડક્ટ ઓછી મોકલી હતી જે માટે છેલ્લા ચાર માસથી તેઓ ઈમેલ દ્વારા વાર્તાલાપ ચલાવી રહ્યા છે પરંતુ કંપની યેનકેન પ્રકારે સમય પસાર કરી રહી છે. આ કંપનીની વેબસાઈટ પર તેમણે મોબાઈલ સ્કીનગાર્ડ, ફલીપ કવર અને હેડફોનની કોમ્બો ઓફરનો ઓર્ડર આપ્યો હતો પરંતુ તેમને

● અનુસંધાન પાન-૭ પર

**● ઓનલાઈન શોપીંગના ફાયદા**

- ગમે ત્યાંથી ગમે તે સમયે કરી શકાય જેથી સમય અને શક્તિનો બચાવ થાય છે.
- ઓફલાઈન કરતા ખૂબ ઉંચી ડીસ્કાઉન્ટનો લાભ મળે છે.
- ઘરે બેઠાં ડીલવરી મળે છે.
- ભાવમાં પારદર્શિતાના કારણે છેતરાવું પડતુ નથી.
- હપ્તેથી ચુકવણીની સુવિધા પણ મળી જાય છે.
- અનેક કંપનીની પ્રોડક્ટ્સ અને વેરાયટીની તુલના મળી રહે છે.
- વસ્તુ પરત કરવાની સુવિધા પણ મળે છે.

**● ઓનલાઈન શોપીંગના ગેરફાયદા**

- સ્કીન પર દેખાય છે તેવી વસ્તુ મળતી નથી.
- વસ્તુ ખરીદ્યા પછી સર્વિસ લેવા માટે ધાંધિયા થાય છે.
- એડવાન્સ પેમેન્ટ આપ્યા પછી ઘણી વખત ડીલીવરીમાં ખૂબ વિલંબ થાય છે.
- વસ્તુની ગુણવત્તા બાબતે કરેલી ફરિયાદો અથવા પરત કરેલ વસ્તુના પૈસાનું રીફંડ મેળવવામાં ખૂબ પરેશાની.
- શીપીંગ ચાર્જ જેવા છુપા ખર્ચા ભોગવવા પડે છે.
- નવી નવી કંપનીઓની વિશ્વસનીયતા બાબતે પ્રશ્નાર્થ.
- બેંકની વિગતો આપેલ હોવાથી ક્યારેક ખાતામાંથી વધુ પૈસા ઉપડી ગયાની પણ ફરિયાદો.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અર્ક
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

SANGHI CEMENT
Kisan
ashirvad
C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com